सत्यमेव जयते

| | |
|---|---|
| **દાખલ તારીખ** | **૧૦/૦૧/૨૦૨૪** |
| **નોંધ્યા તારીખ** | **૧૦/૦૧/૨૦૨૪** |
| **ફેંસલ તારીખ** | **૦૯/૦૩/૨૦૨૪** |
| **સમયગાળો** | **વર્ષ ૦૦ માસ ૦૧ દિન ૨૮** |

***********************************************
**બીજા એડી. ચીફ જયુડીશીલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**
***********************************************

**ક્રિમીનલ કેસ નંબર :** ૬૪/૨૦૨૪
**આંક :** ૦૫

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** : ભીલ નીતીનકુમાર દિનેશભાઈ, ઉ.વ.આ.૩૯,
રહે.પાટણ, સુર્યનગર ભીલવાસ, તા.જી.પાટણ.

**ગુન્હો** : પ્રોહીબીશન એકટ કલમ–૬૫ એએ મુજબ.

---

**ફરીયાદ પક્ષે** : મદદનીશ સરકારી વકીલશ્રી આર.પી.ઓઝા
**આરોપી પક્ષે** : વિ.વકીલશ્રી ડી.ટી.દેસાઈ

---

**-:જજમેન્ટ:-**

૧. હાલના કામે ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૨૮/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૧/૩૦ વાગે મોજે પાટણ રામની વાડી બાવાહાજી તરફના રોડ ઉપર પોતાના કબજામાં ગે.કા. વગર પાસ પરમીટનો દેશી દારૂ લીટર-૫ કિં.રૂા. ૧૦૦/- પોલીથીનની થેલીઓ નંગ-૧૦ રાખી પોલીસ રેઈડ દરમ્યાન પકડાઈ જઈ, પ્રોહી. એકટની કલમ-૬૫એએ હેઠળ સજાને પાત્ર ગુનો કરેલ છે.

૨. આ કામે આરોપીએ હાજર થઈને આંક-૦૩ થી ગુના કબુલાત પુરસીસ આપી તેમજ પોતાની મૌખિક રજુઆતમાં જણાવેલું છે કે, આરોપી ગરીબ વર્ગના તેમજ કુટૂંબ કબીલાવાળા હોઈ, આરોપી ખાત્રી આપે છે કે, હવે પછી આવા ગુનામાં સંડોવાશે નહી. સદર ગુનો નામ.કોર્ટમાં આરોપીને કબુલ મંજૂર છે તેમજ આરોપી હવે પછી કયારેય ભવિષ્યમાં આવો કોઈ ગુનો નહિ કરે તેમ જણાવી ગુનો કબુલ કરેલ છે.

૩. આ કામે આંક-૦૪ થી આરોપીનું સ્ટેટમેન્ટ લેતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મળેલ છે તેમ જણાવી આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબૂલ કરેલ છે. આમ, કેસની હકિકત તથા આરોપીની આર્થિક સ્થિતીને ઘ્યાને લઈને, તેમજ તેની સ્વૈચ્છિક ગુનાની કબુલાત ઘ્યાને લેતાં, તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ જી.એલ.આર. ૨૦૦૫ (૧) પાન નં.૭૦૯, ગુજરાત રાજય વિરુઘ્ધ નટવર હરચંદજીના કેસમાં

આપેલ માર્ગદર્શીકા મુજબ આ કામના આરોપીને સુધરવાની એક તક આપીને આરોપીને કાયદામાં જણાવેલ પૂરેપૂરી સજા અને દંડ ન કરતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

૧. આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૧ અન્વયે પ્રોહી, એકટની કલમ-૬૫એએ મુજબના ગુનામાં દોષિત ઠરાવી ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૨) મુજબ સજાનેપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૨૦૦/-(અંકે રૂપિયા બસ્સો પૂરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો દિન-૦૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ તારીખ **૦૯મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૪** ના રોજ લોક અદાલત/સ્પે.સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૦૯.૦૩.૨૦૨૪
પાટણ

**(ફીરોઝખાન બીસ્મીલ્લાખાન પઠાણ)**
બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ
Code No.GJ-00632

**R.B.CHAUHAN)**